મોrninગ
મેસેજ



સંકલન : શ્રેણિક શાહ–અમદાવાદ
(મો.) ૦૯૮૯૮૪૯૦૦૯૧

પ્રિય મિત્રો...... પ્રણામ

ચાતુર્માસ પુરું થઇ ગયું છે. ગુરુભગવંતોની વિહારયાત્રાનો પ્રારંભ થઇ ચૂક્યો છે. આપ સહુ પુનઃ ગતવર્ષની જેમ વિહાર સેવામાં પૂરા ઉત્સાહથી જોડાઇ ગયા હશો. શિયાળાની ઋતુ છે. વહેલી સવારમાં આળસ છોડીને ઉઠવું થોડું મુશ્કિલ લાગશે. પણ રોજ ક્યાં ઉઠવાનું છે ! અઠવાડિયે–પંદર દિવસે કે મહિને એકાદવાર ઉઠીને જવાનું છે. કદાચ આપણે ઉઠીને મહાત્માઓની સાથે નહિ જઇએ તો મહાત્માનો વિહાર કાંઇ અટકવાનો નથી. એ તો એમના સમયે વિહરી જવાના છે જ. પણ એમાં ગુમાવવાનું આપણે છે.

નવા વર્ષમાં નવા ગૃપો સ્થપાયા છે. અમદાવાદના વાસણા અને પાલડી ગૃપના લગભગ ૧૫૦ જેટલા યુવાનોએ શંખેશ્વર અને કલિકુંડ તરફ તીર્થના રસ્તે એકેક સ્ટેશન સુધી સાધુ–સાધ્વીઓને લેવા–મૂકવાની જવાબદારી સ્વીકારી લીધી છે. વિહારો ચાલુ પણ થઇ ગયા છે.

વિહારની સાથે એક્ષીડન્ટ પણ ચાલુ થઇ ગયા છે. ધંધુકા–લોલીયા વચ્ચે સાગરજી સમુદાયના બે સાધ્વીજીનું એક્ષીડન્ટ થયું. તાત્કાલિક અમદાવાદ લાવવામાં આવ્યા. અમદાવાદના ૬ યુવાનોએ ખડેપગે સેવા આપી.

પૂ. મુનિશ્રી અનંતયશવિ. મ.ની પ્રેરણાથી મણિનગરના ૪૦ જેટલા યુવાનોએ રાસ્કા–(જૈનં જયતિ શાસનમ્) તરફ એક સ્ટેશન સુધીની જવાબદારી ઉઠાવી લીધી છે.

આ સિવાય જુના ગૃપોમાં વડોદરાના યુવાનોએ પૂ.પં.શ્રી પદ્મદર્શનવિ.મ.ની નિશ્રામાં મિટિંગ કરીને ગૃપને ચેતનવંતુ કરી દીધું છે. નંદુરબારના યુવાનોએ વિહાર શરૂ કરતા પૂર્વે પોતાના રેડિયમ જેકેટ પર ગુરુભગવંત પાસે વાસક્ષેપ કરાવીને ચાર્જ કરાવી લીધું છે. સૂરતના ૨૦૦ જેટલા યુવાનો તો બલેશ્વર તીર્થધામમાં ભવ્ય સ્નાત્ર મહોત્સવ ભણાવીને નવા વર્ષના વિહાર માટે મહામંગળ કરી લીધું છે. નડીયાદના યુવાનોને પૂ.આ.શ્રી કુલબોધિસૂરિ મહારાજે પ્રેરણા કરી નવા મેંબરો બનાવ્યા છે. સહુની ભૂરિ–ભૂરિ અનુમોદના.

સહુની વિહારયાત્રા નિર્વિઘ્ન બની રહે તેવી શાસન દેવને પ્રાર્થના.

આપના ગ્રુપમાં જે પણ વિશિષ્ટ કાર્યવાહી થતી હોય...તે અચૂક અમને જણાવતા રહેશો. જેથી મોર્નિંગન્યુઝમાં એનો ઉલ્લેખ કરી શકાય.

: સૌજન્ય :

**માતુશ્રી જયાબેન રમણીકલાલ ગુઢકા - સર્વોદયનગર, મુલુન્ડ**

Book-Post : Printed Matter

શ્રી,

પ્રકાશક : શ્રી વિહાર સેવા ગૃપ C/o. કિરીટ ગ્રાફિક્સ
૪૧૬, વૃંદાવન શોપીંગ સેન્ટર, રતનપોળ, અમદાવાદ–૩૮૦ ૦૦૧
(મો.) ૦૯૮૯૮૪૯૦૦૯૧ e-mail : kiritgraphics@yahoo.com



॥ શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ ॥

શ્રી વિહાર સેવા ગૃપ સંચાલિત

# મોrninગ ન્યુઝ

વર્ષ-૧, અંક - ૪ માગસર સુદ-૧૪, ૨૦૭૦ તા. ૧૬-૧૨-૧૩

તંત્રી : ડો. સંજયભાઇ શાહ - સુરત
મો. ૯૮૨૫૧૨૧૪૫૫

ગુડ મોrninગ

## सा विद्या या विमुक्तये ॥

તે જ સાચું જ્ઞાન છે,
જે જ્ઞાનથી નમ્રતા આવે,
અહંકાર જાય અને અંતે
મોક્ષની પ્રાપ્તિ થાય.
જે જ્ઞાનથી અભિમાન આવે / ઘમંડ આવે
તે જ્ઞાનને જ્ઞાન શે કહેવાય ?
એ તો અજ્ઞાન સમાન છે.
જો જ્ઞાનથી અભિમાન આવે તો એ તો
પાણીમાંથી આગ પેદા થવા તુલ્ય છે.
પાણીથી આગ વધે નહિ, પણ શમે.
તેમ જ્ઞાનથી કષાયોનો નાશ થવો જોઈએ.
વૃક્ષ પર જેમ ફળ બેસે
તેમ ફળના ભારથી વૃક્ષ અક્કડ નથી બનતું,
પણ નમી જાય છે, ઝૂકી જાય છે.
તેમ જ્ઞાનના ભારથી
આત્મા ઘમંડી નહિ પણ
વિનયી બનવો જોઈએ.
વિનયપૂર્વકનું અલ્પ જ્ઞાન પણ
આત્માને સદ્ગતિ આપે છે.
વિનય વિનાનું બહુ જ્ઞાન પણ
દુર્ગતિદાયક બને છે.
માટે પ્રથમ વિનય,
પછી વિદ્યા,
અંતે વિમુક્તિ.

## अकालो नास्ति मृत्योः ॥

પાણીના દુકાળ સાંભળ્યા છે,
અન્નના દુકાળ સાંભળ્યા છે,
પણ મોતનો દુકાળ કોઈ દિવસ સાંભળ્યો છે ?
કદી નહિ.
એને નથી કાળનું બંધન,
એને નથી સ્થળનું બંધન,
એ રાત્રે પણ આવી શકે, દિવસે પણ.
એ બંગલામાં પણ આવી શકે
અને જંગલમાં પણ આવી શકે.
એ બે દિવસના બાળકને પણ પકડે
અને ૮૨ વર્ષના બુઢ્ઢાને પણ.
૪૫ વર્ષના એક ભાઈને પૂછ્યું :
ધર્મ કરો છો ?
જવાબ મળ્યો : હમણા નહિ, થોડા વર્ષ પછી.
હમણા તો ત્રણ દીકરીને ઠેકાણે પાડવાની છે.
અઠવાડિયા પછી સમાચાર મળ્યા,
એ ભાઈ મોહનખેડા જતા હતા.
રસ્તામાં એટેક આવ્યો, અને ઉપડી ગયા.
ત્રણ દીકરીને ઠેકાણે પાડવાની વાત કરનારા
પોતે જ ઠેકાણે પડી ગયા.
ટૂંકમાં, બધાના દુકાળ પડે;
પણ મોતનો તો કાયમ માટે સુકાળ છે.
હા, એક માત્ર અનંતા સિદ્ધો એવા છે
જેમનું કદી મૃત્યુ નથી થવાનું.
કારણ કે એમણે મૃત્યુને જ મારી નાંખ્યું છે.

- ક્વોલિટી



## મોrninગ ટોક

– પં. શ્રી મહાબોધિ વિ. ગણિવર

આ સંસારમાં જન્મ લીધા પછી પ્રત્યેક માનવી જુદી જુદી વ્યક્તિ સાથે ભલે જુદા જુદા સંબંધોથી બંધાતો હોય.... પણ એ વ્યક્તિ સાથેનું બિહેવિયર મોટે ભાગે નીચેના ત્રણમાંથી કોઇ પણ એક પ્રકારનું જ હશે.

આ રહ્યા એ ત્રણ પ્રકાર :

(૧) સંઘર્ષ, (૨) સમાધાન, (૩) સમજ.

એક દ્રષ્ટાંતથી આ વાતને સમજીએ

બે ભાઇઓ મોટા થયા પછી જુદા પડવાનો પ્રસંગ આવે.... ત્યારે જે એમ કહી દે – હું મા–બાપને નહિ સંભાળું, તારે સંભાળવા હોય તો તું સંભાળ.... આ સંઘર્ષ પૂર્વકનું બિહેવિયર કહેવાય. કારણ કે આવો વ્યવહાર બે ભાઇ વચ્ચે કાયમ માટે સંઘર્ષની ભૂમિકા ઉભી કરી દે છે.

આની જગ્યાએ હવે બીજો પ્રસંગ લઇએ. બે ભાઇ મોટા થયા પછી જ્યારે અલગ પડવાનો પ્રસંગ આવે...ત્યારે બંને સંપીને નક્કી કરે...મા–બાપ છ મહિના તારે ત્યાં રહેશે અને છ મહિના મારે ત્યાં રહેશે. આ સમાધાન પૂર્વકનું બિહેવિયર થયું.

યાદ રહે, સમાધાન એ –A–ગ્રેડનું બિહેવિયર ન જ કહેવાય. એ B–ગ્રેડનું બિહેવિયર છે. હા, C–ગ્રેડ કરતા ઘણું સારું છે એમાં ના નહિ.

અને હવે ત્રીજો પ્રસંગ જોઈએ.

બે ભાઇને ગમે તે કારણે છૂટા પડવાનો પ્રસંગે આવ્યો... ત્યારે જે ભાઇ એમ કહે... માતા–પિતાને હું તીર્થની જેમ આજીવન સાચવીશ...હું એક દિવસ પણ એમનાથી જુદો નહિ રહું... આ ત્રીજા ભાઇનું સમજ પૂર્વકનું બિહેવિયર થયું.

યાદ રહે, સંસારના કોઇ એક જ ક્ષેત્રમાં આ ત્રણ પ્રકારના બિહેવિયર લાગુ પડે છે... એવું નહિ સમજતા. સત્તા, સંપત્તિ, સંબંધ, સ્વજન આદિ તમામ ક્ષેત્રમાં આ ત્રણે બિહેવિયર લાગુ પડે છે. આ ત્રણમાંથી આપણે કોની સાથે કેવું બિહેવ કરવું એ આપણે નક્કી કરવાનું છે.

મને લાગે છે... વર્તમાનકાળમાં ૮૦% લોકો સંઘર્ષમય જીવન જીવી રહ્યા છે. કદાચ બહારથી સમાધાનકારી વલણ અપનાવતા હશે.... તો ય એમની માનસિકતા તો સંઘર્ષમય જીવનની જ હોય છે. સંઘર્ષને ટાળવા સામે ચડીને સમાધાન કરવા તો માંડ ૧૫% લોકો તૈયાર થતા હશે. જ્યારે સમજ એ તો એક ટકા જીવોમાં હોય તોય ઘણું. સમજ માટે ઉદારતા જોઇએ છે. સમજ માટે જતું કરવાની વૃત્તિ જોઇએ છે. બોલો, આવી સમજ કેટલામાં જેવા મળે ? આપણા જ ફેમિલીમાં પહેલા તો આપણે તપાસવા જેવું છે. એવું નથી લાગતું ?





## મોrninગ સ્ટોરી

વિખ્યાત ડો. હોવાર્ડકેલી બચપણમાં બહુ ગરીબ હતો. એક બાજુ એનો અભ્યાસ ચાલતો અને બીજીબાજુ ઘરે ઘરે ફરીને રોજ માલ વેચતો. એક દિવસની વાત છે. માલ વેચવા માટે એ ઘણું મથ્યો, ઘણું રખડ્યો... પણ એક પાઇની પણ એને ઇન્કમ ન થઇ. રખડી રખડીને એ થાકી ગયેલો. એને ખૂબ ભૂખ લાગેલી. પણ એના ખીસ્સા ખાલીખમ હતા. ભૂખનું દુ:ખ ભલભલાની શરમ તોડાવી નાંખે છે. એણે રસ્તામાં ચાલતા ચાલતા વિચાર્યું. હવે જે ઘર આવે ત્યાં ઘુસી જઉં, અને કંઇક ખાવાનું સામે ચડીને માંગી લેવું. એક ઘર આવતા જ એણે કોલ બેલ વગાડ્યો. બારણું ખૂલ્યું. ઉતાવળમાં ખાવાનું માંગવાને બદલે એણે પાણી માંગી લીધું. પણ પેલી સ્ત્રી એના નમણા–થાકેલા ચહેરા પરથી સમજી ગઇ કે આ છોકરો ખૂબજ થાકેલો છે. એણે પાણીને બદલે બદામ/કેસર મિશ્રિત દુધનો ગ્લાસ એના હાથમાં મૂકી દીધો... ભૂખ્યો હોવાર્ડ આખો ગ્લાસ ગટગટાવી ગયો.

દૂધ પીધા પછી એણે એ સ્ત્રીને પૂછ્યું : એક ગ્લાસ દૂધની શું પ્રાઇઝ છે ? સ્ત્રીએ કહ્યું : કાંઇ નહિ. કારણકે મારી માએ કહ્યું છે.... આવી નાની બાબતમાં ક્યારેય કાંઇ લેવું નહિ. એમાં પણ દૂધ અને પાણીની તો ક્યારેય કિંમત ન લેવાય.

હોવાર્ડ કેલી આ વાતથી અત્યંત પ્રભાવિત થઇ ગયો. એ સ્ત્રીને ખરા હ્રદયથી એણે થેંક્સ આપ્યા. દિવસો, મહિનાઓ અને વર્ષો વીતી ગયા.

એક દિવસ અચાનક આ સ્ત્રી બિમારીમાં પટકાઇ. શહેરની મોટી હોસ્પિટલમાં એને ખસેડવામાં આવી. નિષ્ણાત ડોક્ટરોની પેનલ આ ભલીબાઇને બચાવી લેવા તૈયાર હતા. સદ્ભાગ્યે આ કેસમાં ખાસ કન્સલ્ટન્ટ તરીકે ડો. હોવાર્ડ કેલીને બોલાવવામાં આવેલ.

ડોક્ટરે સ્ત્રીને તપાસી. એના કેસપેપરો જોયા. એમાં એના ગામનું નામ વાંચતા જ ડોક્ટર ચમક્યા. કારણકે એ પોતાનું જ ગામ હતું. ડોક્ટરે ધારીને એ સ્ત્રી સામે નજર કરી. ડોક્ટરના મનમાં એક ઝબકારો થયો. ડોક્ટરે આ સ્ત્રીને ઓળખી લીધી.

હવે ડોક્ટરે આ સ્ત્રીને બચાવવા જી–જાનથી મહેનત શરૂ કરી દીધી. અને આશ્ચર્ય! ડોક્ટરના તમામ પ્રયત્નો સફળ થયા. હોસ્પિટલના સત્તાવાળાઓએ આ કેસનું બીલ ડો. હોવાર્ડ કેલીની મંજુરી માટે મોકલ્યું.. ડોક્ટરે આ બિલ ઉપર કંઇક લખીને પરત કર્યું. બિલ દર્દીના હાથમાં આવ્યું. એણે ગભરાતા ગભરાતા કવર ખોલ્યું.... કારણકે એને ખબર હતી...આ બિલ ભરવામાં એની આખી જિંદગીભરની બચત ખતમ થઇ જવાની છે. પણ આશ્ચર્ય... બિલ ખોલ્યું તો એના પર લખાણ હતું... દૂધના એક ગ્લાસથી આ બિલની બધી રકમ વસૂલ થઇ ગઇ છે. –ડો. હોવાર્ડકેલી.

- પં. શ્રી મહાબોધિ વિ. ગણિવર

### અકસ્માત સમયે વિહાર સેવા ગૃપના યુવાનોએ ધ્યાનમાં રાખવાનું

## માર્ગદર્શન તથા કાયદાકીય માહિતી

— કમલેશભાઈ-અમદાવાદ

(૧) અકસ્માત બાબતની ફરીયાદ બને તેટલી ત્વરિત અકસ્માત સમયના નજીકના પોલીસ સ્ટેશનમાં કે જે હકુમત પોલીસની હદમાં આવતી હોય ત્યાં કરવી. શરૂઆતમાં ટેલીફોનિક માહિતી આપી હોય તો પણ ચાલે.

(૨) ફરીયાદમાં આપવાની જરૂરી માહિતી–ફરીયાદમાં આરોપીનું નામ, વર્ણન, આરોપી નાસી ગયો હોય તો તેની ઓળખ થાય તેવું વર્ણન કે ગાડી, ટ્રક, બસ કે કોઈપણ વાહન જેનાથી અકસ્માત થયો છે તેનો નંબર હોય તો ફરીયાદમાં લખાવવો ખૂબ જ જરૂરી છે. તેમજ અકસ્માત નજરે જોયો હોય તેવા વ્યક્તિઓના નામ લખાવવા ખૂબ જ જરૂરી છે. ફરીયાદ લેખિત હોય તો પણ ચાલે. અકસ્માતની જાણ અકસ્માતના સ્થળની આગળ આવેલ ટોલનાકા પર પણ કરવી ઘણી હિતાવહ છે.

(૩) ફરીયાદ કોઈપણ વ્યક્તિ લખાવી શકે છે. અકસ્માતના સ્થળે તેની હાજરી ના હોય તો પણ તે ફરીયાદ લખાવી શકે છે. તે માટે તે કોઈ સંઘનો આગેવાન કે સભ્ય ન હોય તો પણ ફરીયાદ લખાવી શકે છે. ફરીયાદની નકલ ફરીયાદ લખાવ્યા બાદ તુરંત પોલીસ પાસે માંગવી. જે કાયદાકીય રીતે પણ તુરંત મળવા પાત્ર છે. ફરીયાદ નોંધાવ્યા બાદ પણ અકસ્માત અંગેની કોઈ માહિતી મળે તો પોલીસ સ્ટેશનમાં વધારાના જવાબ દ્વારા લખાવી શકાય છે.

(૪) અકસ્માતના સમયનું પંચનામુ કે જેમાં અકસ્માતની જગ્યાની આજુબાજુની જગ્યાની માહિતી તથા અકસ્માત સમયે ત્યાં પડેલી વસ્તુઓ અને ગાડીના વ્હીલમાર્કના નિશાન પંચનામુ ના થાય ત્યાં સુધી યથાવત્ રહે તે માટે આજુબાજુમાં ઈંટો ગોઠવવી અથવા ડ્રમ મુકી કે ઝાડની ડાળીઓ મુકી તે જગ્યા ઉપર બીજા કોઈ નિશાનો ન પડે તેનું ધ્યાન રાખવું. અને તાત્કાલિક પંચનામુ થાય તેની કાળજી રાખવી.

(૫) અકસ્માતમાં સાધુ, સાધ્વીજી ભગવંતને ઈજા પહોંચેલ હોય તો સૌ પ્રથમ હોસ્પિટલની સારવાર માટે પ્રયત્ન કરવો. બાકીના યુવાનોને સ્થળ ઉપર પહોંચવા અને આગળની કાર્યવાહી કરવા સૂચના આપવી. વિહાર સેવા ગૃપના તમામ યુવાનો આ જવાબદારી પોતાની અંગત ગણવી. ગૃપના કેપ્ટનને પહોંચાડવાની કે સૂચના મળવાની રાહ જોવામાં સમય વ્યતીત કરવો નહીં.

(૬) સમય મળે તરત જ સમગ્ર બનાવની જાણ વિહાર સેવા ગૃપના કેપ્ટનને પુરી પાડવી.

(૭) અકસ્માત કરનારે ગુનો કબુલ કરેલ હોય તો પોલીસ સમક્ષ કરેલ ગુનાનો ઈકરાર પુરાવા રૂપે કોર્ટ ધ્યાન પર લેતી નથી હોતી. જેથી આ બાબતે વિહાર સેવા ગૃપે અકસ્માત કરનારને પોલીસને સોંપી દેવો જ પુરતો છે. આગળની કાર્યવાહી વિહાર સેવા ગૃપના સોંપેલ કાયદાકીય સલાહકાર વ્યક્તિ સંભાળી લેશે.

(૮) સમગ્ર કાર્યવાહી કરનાર વિહાર સેવા ગૃપના કોઈપણ યુવાનને આ કાર્યવાહી કરવાથી કોઈપણ જાતનું નુકશાન થઈ શકવાનું નથી, કે કોઈ જવાબદારી ઉપસ્થિત થતી નથી. જૈન શાસનના શ્રાવક તરીકે તથા વિહાર સેવા ગૃપના મેંબર તરીકે આ મારું કર્તવ્ય છે એમ સમજી આ કાર્ય કરવામાં ક્યારેય પ્રમાદ કે ઉપેક્ષા કરવી નહિ.

---

**<u>ખાસ નોંધ :</u>** કાયદાકીય સલાહ મેળવવા માટે નીચેના નંબર ઉપર સંપર્ક કરવો. ફક્ત સાધુ–સાધ્વી ભગવંતના અકસ્માતના કેસ બાબતે જ સંપર્ક કરવો. તથા વિહાર સેવા દરમિયાન વિહાર સેવા ગૃપના યુવાનોને પણ અકસ્માત થાય તો સંપર્ક કરવો. અન્ય કોઈ પણ કામ માટે આ નંબર ઉપર સંપર્ક કરવો નહીં.

**મો. 9825063830**



## ગુજરાત-મહારાષ્ટ્રમાં સક્રિય બની ગયેલા વિહાર સેવા ગુપના સેન્ટર

| સ્થળ / કેપ્ટન | મોબાઈલ નંબર |
|---|---|
| **ભિવંડી : (M.S.)** | |
| હસમુખભાઈ | ૯૮૨૨૪૭૬૯૪૨ |
| શ્રેણિકભાઈ | ૯૧૫૮૬૫૨૦૦૦ |
| **મુલુંડ : (મુંબઈ)** | |
| તરૂણભાઈ | ૯૩૨૧૧૩૯૪૨૭ |
| વિજયભાઈ | ૯૩૨૩૯૮૦૪૦૪ |
| અમરીશભાઈ | ૯૩૨૧૧૧૬૪૪૧ |
| જિજ્ઞેશભાઈ | ૯૩૨૧૧૨૧૯૨૭ |
| **વાપી : (G.I.D.C.)** | |
| હરેશભાઈ | ૯૩૭૫૯૩૧૮૫૫ |
| પરેશભાઈ | ૯૪૨૬૧૫૫૨૦૦ |
| **વલસાડ :** | |
| નિતિનભાઈ | ૯૩૭૬૬૩૫૨૧૭ |
| વિપુલભાઈ | ૯૮૯૮૭૮૦૮૯૭ |
| **નવસારી :** | |
| હેમેન્દ્રભાઈ | ૯૮૨૫૩૯૩૨૩૭ |
| મનીષભાઈ | ૯૪૨૮૧૪૦૦૦૦ |
| દિવ્યેશભાઈ | ૯૮૨૫૮૮૦૫૨૩ |
| **સુરત :** | |
| ડૉ. સંજયભાઈ | ૯૮૨૫૧૨૧૪૫૫ |
| યોગેશ જૈન | ૯૮૨૫૧૪૨૧૮૬ |
| **બીલીમોરા :** | |
| ગલુભાઈ | ૯૮૨૫૧૩૬૦૭૩ |
| શૌરિનભાઇ | ૯૬૦૧૯૫૧૫૫૪ |
| **બારડોલી : (સ્ટેશન)** | |
| મહાવીરભાઈ | ૯૯૨૪૨૫૫૯૯૯ |
| જિનેશભાઈ | ૯૮૯૮૬૭૬૭૪૫ |
| સંદીપભાઈ | ૯૯૦૯૦૦૨૬૯૫ |
| **બારડોલી : (ગામ)** | |
| ભાવેશભાઈ | ૯૪૨૭૧૭૭૭૬૬ |
| પીનલભાઈ | ૯૮૨૫૨૮૧૪૯૯ |
| **અમલસાડ :** | |
| અંકિતભાઇ | ૯૩૭૪૫૪૧૪૬૭ |
| **મઢી :** | |
| શૈલેષભાઈ | ૯૯૧૩૯૬૫૯૦૨ |
| રાકેશભાઈ | ૯૪૨૭૧૬૮૧૯૩ |
| **માંડવી :** | |
| વિજયભાઈ | ૯૮૭૯૫૩૦૬૮૯ |
| સમીરભાઈ | ૯૮૨૫૨૭૫૫૭૬ |
| **કડોદ :** | |
| પરેશભાઈ | ૯૮૨૫૭૨૮૧૧૯ |
| સંકેતભાઈ | ૯૯૧૩૨૨૮૬૬૦ |

| સ્થળ / કેપ્ટન | મોબાઈલ નંબર |
|---|---|
| **નંદુરબાર (M.S.)** | |
| નેમિચંદભાઈ | ૯૪૨૨૨૮૯૫૮૪ |
| **વાલીયા :** | |
| હિતેશભાઈ | ૯૮૨૪૪૩૩૯૮૦ |
| **પણસોલી :** | |
| સંદીપભાઈ | ૯૦૯૯૯૨૭૯૫૧ |
| **ભરૂચ :** | |
| રૂચિતભાઈ | ૯૯૧૩૮૬૩૭૨૭ |
| કિશોરભાઈ | ૯૪૨૮૧૭૫૬૩૫ |
| **માસર રોડ :** | |
| મોન્ટુભાઈ | ૯૯૦૯૯૭૩૨૫૬ |
| **આમોદ :** | |
| ભરતભાઈ | ૯૪૨૯૬૭૩૩૫૧ |
| **વડોદરા :** | |
| દિવ્યેશભાઈ | ૯૮૨૪૦૫૧૦૧૨ |
| રોશનભાઈ | ૯૮૨૪૦૯૪૮૮૨ |
| **આણંદ :** | |
| નિતિનભાઈ | ૯૮૨૫૦૩૦૮૨૫ |
| હર્ષદભાઈ | ૯૮૨૫૧૮૭૭૬૨ |
| દિપેશભાઈ | ૯૭૧૨૭૪૫૧૮૮ |
| **નડિયાદ :** | |
| જિજ્ઞેશ | ૯૪૨૮૪૩૬૧૩૫ |
| **પેટલાદ :** | |
| હેતલભાઈ | ૯૪૨૭૩૮૭૦૭૦ |
| **વિલેપાર્લા :** | |
| રૂપેશ ગાલા | ૯૮૯૨૩૫૫૦૧૬ |
| **કરજણ :** | |
| પંકજભાઇ | ૯૮૯૮૨૭૦૮૨૭ |
| ભૂપેન્દ્રભાઇ | ૯૮૯૮૬૩૪૨૩૩ |
| હરેશભાઇ | ૭૮૦૧૯૩૦૪૦૦ |
| સુમિતભાઇ | ૯૭૨૪૨૪૬૪૬૪ |
| **મણિનગર : (અમદાવાદ)** | |
| જતીનભાઈ | ૯૮૨૫૦૩૭૩૧૯ |
| ચીરાગભાઈ | ૯૪૨૬૭૪૨૬૭૨ |
| **વાસણા : (અમદાવાદ)** | |
| સજ્ઞીભાઈ | ૯૪૨૯૦૨૪૩૫૪ |
| હેતલભાઈ | ૯૩૨૮૨૮૬૮૧૦ |
| **પાલડી : (અમદાવાદ)** | |
| રૂપેશભાઈ | ૯૪૨૭૬૧૬૭૧૧ |
| નીલેશભાઈ | ૯૩૭૫૭૭૬૭૬૭ |
| **ઊંઝા** | |
| દિપકભાઇ | ૭૩૮૩૦૮૮૭૮૪ |

# રાજનગરના આંગણે યોજાયેલ દ્વિતીય વિહાર સેવા ગ્રુપ સંમેલનની આછેરી ઝલક...





મોrninગ વિહાર

સંકલન : વિપુલભાઈ–વલસાડ
(મો.) ૯૮૯૮૭૮૦૮૯૭

# રાજનગરના આંગણે યોજાયું વિહાર સેવા ગ્રુપ સંમેલન(દ્વિતીય)

શુભ દિન : ભાદરવા વદ-૧૦, રવિવાર, ૨૯-૯-૨૦૧૩

ખૂબજ ટૂંકા સમયમાં ગુજરાતના અનેક ગામો–શહેરોમાં ફેલાઇ ચૂકેલા વિહાર સેવા ગ્રુપમાં અત્યાર સુધીમાં લગભગ મુંબઈ–ગુજરાતના ૨૨૦૦ જેટલા યુવાનો જોડાઇ ગયા છે – સક્રિય બની ગયા છે.

સંપૂર્ણ નિ:સ્વાર્થભાવે સેવા કરતા આ યુવાનોનો જોમ–જુસ્સો ટકી રહે – વધે તે માટે દર વર્ષે પૂ.ગચ્છાધિપતિના આશીર્વાદ સાથે એક મહાસંમેલન યોજાય છે. ગત વર્ષનું સંમેલન સુરત–ઉમરા મુકામે યોજાયું. જેમાં ૩૫૦ જેટલા યુવાનો પધારેલા.

આ વર્ષનું સંમેલન શ્રી પંકજ જૈન સંઘના નેજા હેઠળ આંબાવાડી પાસેના માણેકબાગ હોલમાં ગોઠવાયેલ. મુંબઈ, મહારાષ્ટ્ર અને ગુજરાતના લગભગ ૧૦૦૦થી અધિક યુવાનો વહેલી સવારથી પધારેલ. (વિગત સપ્તાહમાં પડેલ ભારે વરસાદને લીધે સુરત–વડોદરામાં પુર આવેલ, મુંબઈ–અમદાવાદની અનેક ટ્રેનો રદ થયેલ, ભરૂચ પાસેના હાઈવે પર ચિક્કાર ટ્રાફિક જામ થયેલ. આ બધી મુશ્કેલીઓને ઓળંગીને આવેલા આ યુવાનોનો ઉત્સાહ જ એમ કહી રહ્યો હતો.... કે યુવાનો દ્વારા વિહાર સેવા અખંડપણે ચાલતી રહેશે... એમાં કોઈ શંકા નથી.)

સવારની નવકારશીભક્તિ પૂર્ણ થયા બાદ બરાબર ૯–૦૦ કલાકે પૂ.પં.શ્રી મહાબોધિવિ. મ.ની પાવનનિશ્રામાં સંમેલનનો પ્રારંભ થયો. ગુરુવંદના/માંગલિક પૂર્ણ થયા બાદ સહુપ્રથમ નવસારીના અંકુરભાઈએ ગુરુભક્તિનું ગીત ગાયું. તથા વિહાર દરમિયાન બોલવાની સ્તુતિ સહુને ભાવપૂર્વક ગવડાવી. તે પછી શ્રીપંકજજૈનસંઘ વતી શ્રી ભરતભાઈ માણસાવાળાએ સહુને આવકાર આપ્યો. તેમજ યુવાનોની ભક્તિની ખૂબ ખૂબ અનુમોદના કરી.

બરાબર ૯–૩૦ કલાકે પૂ.પંન્યાસ ભગવંતનું પ્રવચન શરૂ થયું. જીવનના ઉત્થાનને લગતી અનેક વાતો કર્યા પછી ખૂબ માર્મિક વાત પૂજ્યશ્રીએ કરી... એક સમય એવો હતો... ઘરે મહેમાન આવે તો આપણે સ્ટેશન સુધી લેવા જતા અને સ્ટેશન સુધી મૂકવા જતા. આજે કોઈને મહેમાન ઘરે આવે તે પસંદ નથી. આવનારા મહેમાન પણ મોબાઈલ કરીને સમય માંગીને આવે છે. કામ પતે તુરંત રવાના થઈ જાય છે. બિલકુલ આવું જ ગુરુભગવંતોની બાબતમાં થયું છે. એક કાળ એવો હતો... ગુરુભગવંતો ગામમાં પધારવાના હોય તો શ્રીસંઘ ખૂબ ઉત્સાહથી પૂજ્યોને લેવા જતા અને વિહાર કરે ત્યારે સામે ગામ સુધી મૂકવા જતા. જ્યારે આજની પરિસ્થિતિ બહુ જ દુ:ખદ છે. સાંજના સમયે કોઈ ગુરુભગવંત વિહાર કરીને પધાર્યા હોય, સવારે વિહાર કરી જાય તો ઘણીવાર સંઘને ખબર પણ પડતી નથી. હા, પોતાનો વ્યક્તિગત પ્રસંગ હોય ત્યારે



શ્રાવકો લેવા–મૂકવા જવાની બધી વ્યવસ્થા કરે. આપણા પોતાના ઉપકારી ગુરુભગવંતો પધારે... ત્યારે બધી રીતે સહાયક બને આ સારી વાત છે. પણ વર્તમાનમાં જ્યારે હાઈવે પર અકસ્માતો થવાની ઘટના વધતી જાય છે ત્યારે દરેક સંઘોએ ફરજિયાતપણે એક સ્ટેશન સુધી ગુરુભગવંતોને યુવાનો દ્વારા પહોંચાડવાની વ્યવસ્થા થવી જરૂરી છે.

પ્રવચન દરમિયાન પૂજ્યશ્રીએ આ વ્યવસ્થાને સંભાળતા મુંબઈ/ગુજરાતના ૨૨૦૦ જેટલા યુવાનોની વારંવાર અનુમોદના કરી હતી.

પ્રવચન બાદ આણંદજી કલ્યાણજી પેઢીના ટ્રસ્ટી શ્રી શ્રીપાળભાઈ શાહે શેષકાળના ૮ મહિના દરમિયાન ગિરિરાજ પર સેવા આપવા માટે યુવાનોને હાકલ કરેલ. એમણે કહ્યું : દાદાની સેવા એ સ્થાવર તીર્થની સેવા છે. સાધુભગવંતોની વિહારમાં સેવા એ જંગમ તીર્થની સેવા છે. યોગાનુયોગ, બંને સેવા ૮ મહિના જ ચાલુ રહે છે. ૪ મહિના વિરામ મળે છે. તો આ ૪ મહિનાના વિરામમાં નવો પાવર ભરી આપ સહુ બંને પ્રકારની સેવામાં લાગી જાવ. આજ વાતને ભાવનગરના સંજયભાઈએ વિસ્તારથી સમજાવી. વિહાર સેવા ગ્રુપના અનેક યુવાનોએ આમાં અત્યંત ઉલ્લાસથી પોતાના નામ નોંધાવેલ.

ત્યારબાદ ડૉક્ટરની ડાયરીના લેખકશ્રી ડૉ. શરદભાઈ ઠાકરે પોતાની આગવી શૈલીમાં યુવાનોની વિહાર સેવાને બિરદાવેલ. જૈન સાધુનું જગતમાં કેટલું મહત્ત્વ છે એની વાત અમિતાભ બચ્ચનની પુત્રી શ્વેતા બચ્ચનનું દૃષ્ટાંત આપીને કરેલ. સાથે વિહાર સેવા અંગે જ્યારે – જે પણ જરૂર પડે તે સેવા આપવા હું બંધાયેલ છું... એવું જાહેર કરેલ. યુવાનોએ તેમની વાતને તાળીઓના નાદ સાથે વધાવી લીધેલ. તે પછી ગુજરાતના ડભોઈ, દાહોદ, પાલનપુર, સુરેન્દ્રનગર તથા ઊંઝાથી પધારેલા ઉત્સાહી યુવાનોને પૂજ્યશ્રીએ ઊભા કર્યા, તથા સંકલ્પ લેવડાવી તેમના વિહાર સેવા ગ્રુપની સ્થાપના કરેલ.

**વિહારસ્તુતિ**

**છે એક અરજી નાથ માહરી કાનમાં અવધારજો,**
**વિહાર કરતા શ્રમણ-શ્રમણી વિઘ્ન એના ટાળજો,**
**મંગળ થાયે શ્રીસંઘનું આશિષ એવા આપજો,**
**હે પાર્શ્વ શંખેશ્વર પ્રભુ તમે કરૂણા એવી વહાવજો.**

અંતે પૂ.પં.શ્રી મહાબોધિ વિ.મ. લિખિત ‘હું માણસ થાઉં તો ઘણું’ – એ પુસ્તકની દ્વિતીય આવૃત્તિનું પધારેલ મહાનુભાવોના હસ્તે વિમોચન થયેલ તથા પૂ.આ.શ્રી રત્નસુંદરસૂરિ મહારાજના હસ્તે યુવાનો ઉપર લખાયેલ અનુમોદનાપત્ર વંચાયેલ.

બપોરના ભોજનનો કાર્યક્રમ પૂર્ણ થયા બાદ બરાબર ૧–૩૦ કલાકે તમામ યુવાનો પાછા હોલમાં પધારી ગયેલ. સહુ પ્રથમ વિહાર સેવા ગ્રુપનો વિડીયો પ્રોજેક્ટર પર બતાવાયેલ. ત્યારબાદ રેવા સંઘના ટ્રસ્ટી શ્રી કમલેશભાઈ શાહ – વકીલે વિહાર દરમિયાન એક્સીડંટ થાય... ત્યારે શું કાળજી લેવી, કઈ રીતે પોલીસમાં કંપ્લેઇન નોંધાવવી તેની વિગતવાર માહિતી આપેલ. અંતે આ કાર્ય માટે અડધી રાતે પણ જરૂર પડે તો અવશ્ય સંપર્ક કરજો એમ યુવાનોને જણાવેલ. તે પછી નડિયાદના યુવાનો દ્વારા ‘દિગ્વિજય’ નાટિકા ભજવાયેલ. ધર્મસંસ્કૃતિ પર જ્યારે આક્રમણ આવે ત્યારે યુવાનોએ એને કઈ રીતે ખાળવું જોઈએ તેનો અદ્ભુત સંદેશ આપતી આ નાટિકાએ ક્યારેક હાસ્ય, ક્યારે આંસુ, તો ક્યારેક આગના ભાવો યુવાનોના હૃદયમાં નિષ્પન્ન કરેલ.

નાટિકા પૂર્ણ થયા બાદ મુંબઈ તેમજ ગુજરાતના V.S.G.ના ગ્રુપના લિડરોએ ૮ મહિના દરમિયાન કેટલા વિહાર કર્યા, કેટલા યુવાનોએ વિહાર કર્યા, કેટલા ગુરુભગવંતોને વિહાર કરાવ્યા તેમજ યુવાનો ટોટલ કેટલા કિલોમીટર ચાલ્યા એનો વિસ્તૃત અહેવાલ સભા સમક્ષ વાંચી સંભળાવ્યો. જેમાં કેટલાક ગ્રુપના યુવાનોની વિહારભક્તિના એક–સે બઢકર એક દૃષ્ટાંતો સાંભળીને સહુ અત્યંત પ્રભાવિત થયેલ. (ભિવંડી અને નવસારીના એક યુવાને વયોવૃદ્ધ સાધુ/સાધ્વીજી ભગવંત સાથે પાંચ કલાક ચાલીને વિહાર કરેલ. એક ગ્રુપના યુવાને કુલ ૩૨માંથી ૨૨ વિહાર જાતે કરેલ. બીલીમોરાના એક યુવાન છેલ્લા ૧૫ વર્ષથી રોજ વિહારમાં સાથે જાય છે. જરૂર પડે સાંજે પણ દુકાન વધાવીને વિહાર કરે છે. વલસાડનો યુવાન એક દિવસમાં સળંગ બે વિહાર કરી ૨૨ કિ.મી. ચાલેલ. કડોદના એક ભાઈએ પૂજ્ય સાધ્વીજી ભગવંતને વીલચેરવાળી બાઈ ન મળતા પોતાની દીકરીને બોલાવી વીલચેર ચલાવવાનો લાભ આપેલ. સૂરતથી ઝગડીયા વચ્ચે આવતા પણસોલી ગામમાં એકપણ જૈનનું ઘર નથી. ૪૫ ઘર દરબારના છે. તેઓએ પણ વિહાર સેવા ગ્રુપ બનાવેલ છે. ગ્રુપના કેપ્ટન સંદીપભાઈ ૪ મેમ્બર સાથે સંમેલનમાં આવેલ. ૪ મહિનામાં કુલ ૧૦ વિહારનો તેમને લાભ મળેલ.) આવા અનેક દૃષ્ટાંતો સાંભળીને સહુયુવાનો વિહાર સેવા માટે તન–મનથી ફરી મજબૂત બની ગયા. સહુની બેટરી જાણે ચાર્જ થઈ ગઈ. અંતમાં પૂ.પંન્યાસજી ભગવંતે પ્રેરણાદાયક પ્રવચન આપી સંપૂર્ણ કાર્યક્રમનો ઉપસંહાર કર્યો. વિહાર સેવા ગ્રુપના યુવાનોની કાર્યવાહીથી અત્યંત પ્રભાવિત થઈ શ્રી રમણલાલ વાડીલાલ શાહ – ચાણસ્માવાળા પરિવારે મોટી રકમ ગ્રુપની કાર્યવાહી માટે ફાળવેલ. આજના આ પ્રસંગે વિહાર સેવા ગ્રુપના અનુરાગી–અમેરિકા સ્થિત અશોકભાઈ પણ પધારેલ. તેમજ દરેક યુવાનોને રેડીયમ જેકેટની પ્રભાવના કરનાર મુંબઈ–ઘાટકોપરના સંઘવી બંધુયુગલ પણ પધારેલ.

**વિવિધ ગ્રુપના પધારેલ યુવાનોની સંખ્યા**

| | | | |
|---|---|---|---|
| આમોદ | ૧૫ | પાર્લા | ૩૦ |
| આણંદ | ૩૦ | પેટલાદ | ૧૦ |
| બારડોલી ગામ-સ્ટેશન | ૩૦ | ઊંઝા | ૩૦ |
| | | વાપી | ૨૦ |
| ભિવંડી | ૮૦ | વલસાડ | ૫૦ |
| મઢી | ૫ | સૂરત | ૨૫૦ |
| કડોદ | ૫ | વડોદરા | ૧૨૫ |
| માંડવી | ૧૫ | સુરેન્દ્રનગર | ૫ |
| માસરરોડ | ૪ | ડભોઈ | ૧૦ |
| મુલુંડ | ૨૫ | દાહોદ | ૧૦ |
| નડીયાદ | ૨૫ | કરજણ | ૧૫ |
| નવસારી | ૧૬૦ | ભરૂચ | ૧૫ |
| નંદુરબાર | ૭ | બોડેલી વિભાગ | ૧૫ |
| પણસોલી | ૪ | બિલીમોરા | ૧૦ |

ત્યારબાદ દરેક ગ્રુપને રેડીયમ જેકેટ, મોમેન્ટો વગેરેનું જરૂરિયાત મુજબ વિતરણ થયેલ. ગ્રુપ દ્વારા દર બે–ત્રણ મહિને પ્રકાશિત થતાં મોર્નિંગ ન્યુઝના નિ:શુલ્ક મેમ્બરો નોંધાયા. આગામી સંમેલન ક્યારે કરવું – કેટલા દિવસનું કરવું એ અંગે પૂજ્યશ્રી સાથે ગ્રુપના કેપ્ટનોની ડિસ્કસ  થયા બાદ ચોવીહાર કરી સહુએ પોતાના સ્થળ તરફ વિદાય લીધી.





## આ વાત કદી ન ભૂલાય...

- આ પ્રસંગે વાસણાથી પૂ.પં.શ્રી મુનીશરત્નવિ. મ., પૂ.પં.શ્રી જીનેશરત્ન વિ.મ. આદિ અનેક ગુરુભગવંતો પધારેલ...
- સંપૂર્ણ સંમેલનનું સંચાલન શ્રી રાકેશભાઈ શાહે કરેલ...
- ગીત–સંગીત માટે થાણાથી સિદ્ધાર્થ જૈન પધારેલ...
- સુરત–વાપી ગ્રુપના યુવાનોની વ્યવસ્થામાં વાસણાના રાહુલભાઈની ટીમે સુંદર સહયોગ આપેલ...
- નવસારી ગ્રુપના યુવાનોને ઉતરવા માટે ઝાલાવાડની ધર્મશાળામાં ટ્રસ્ટી શ્રી ઉન્મેષભાઈએ સુંદર વ્યવસ્થા કરી આપેલ...
- મુંબઈ–નવસારી–વલસાડ ગ્રુપના યુવાનોની વ્યવસ્થામાં પંકજ જૈન સંઘના રૂપેશભાઈની ટીમે સુંદર સહકાર આપેલ. સાથે પંકજ સંઘના ભાવુકોએ પોતાના ગૃહાંગળે સહુના સ્નાનાદિની સરસ વ્યવસ્થા કરેલ...
- યુવાનોની યાતાયાત વ્યવસ્થામાં પોતાના વાહનો મૂકવા દ્વારા સહભાગી બન્યા... આશિષભાઈ (ઓપેરા), નીલેશભાઈ (જૈન મર્ચન્ટ), વીરલ ચોક્સી (પંકજ સોસાયટી)
- સંમેલનના તમામ કાર્યોમાં ખડેપગે ઉભા રહ્યા... અશોકભાઇ, સચીનભાઇ (શાહીબાગ), અંકિતભાઇ (સુરેલ), વીકી (વાગડ)

## V.S.G.ના મેમ્બરોને અગત્યની સૂચના

● ચાતુર્માસ પૂર્ણ થતા આપણે ફરી પ્રમાદ છોડી વિહાર સેવામાં જોડાઇ જવું. ● વિહાર શરૂ કરતા પૂર્વે વિહાર સ્તુતિ અવશ્ય બોલવી. ● આપણો નંબર આવે ત્યારે જરાય પ્રમાદ–આળસ કર્યા વગર । શુભ કાર્યમાં ભાગ લેવો. ● શારીરિક આદિ કારણવશ આપણા વારા વખતે આપણે જઇ ન શકીએ તો બીજાનું એડજસ્ટમેટ થયું હોય એના વારા વખતે આપણે જવું. ● ગુરુ ભગવંત જે સમયે વિહાર કરવાના હોય તેની ૧૫ મિનિટ પર્વે ત્યાં પહોંચવાનો આગ્રહ રાખવો. ● બને ત્યાં સુધી સામેના સ્થળે પહોંચાડીને પછી જ પાછા ફરવું. ● ક્યારેક સંપૂર્ણ વિહારની અનુકૂળતાન હોય તો સૂર્યોદય સુધી – અજવાળા સુધી તો સાથે રહેવું જ. પછી વિનયપૂર્વક રજા માંગી પાછા ફરવું. ● જેટલા યુવાનો સાથે ગયા હોઇએ....તે સહુના મોબાઇલ નંબર એક બીજાને આપી રાખવા. ● વિહાર દરમિયાન એક યુવાન બાઇક, સ્કુટર જેવા વેહિકલને સાથે રાખે તે જરૂરી છે. ● ક્યારેક એક સાથે ત્રણ–ચાર ગૃપને વિહાર કરવાનો પ્રસંગ આવે ત્યારે અગ્રિમતા સાધ્વીજી ભગવંતને આપવી. એટલે કે સાધ્વીજી ભગવંતના વિહારમાં V.S.G.ના મેમ્બરોએ અવશ્ય સાથે રહેવું. ● વિહાર દરમિયાન રિફ્લેક્ટર પહેરવું કમ્પલસરી છે.... બેટરી અને સિટિ પણ સાથે જ રાખવા. ● દરેક મેંમ્બરનું આઇ.ડી. કાર્ડ અતિ આવશ્યક છે... જેથી વહેલી સવારે સાધ્વીજી ભગવંતના મુકામે પહોંચીએ...તો તેમને વિશ્વાસ બેસે. ● વિહાર કરતા પૂર્વે અને કરાવ્યા પછી પાછા વળતી વખતે જે તે જિનાલયના દર્શન કરીને જ નીકળવું. તેમજ મુકામે પહોંચેલા ગુરુભગવંતોને વંદન કરી પચ્ચક્ખાણ લેવું. અને કાંઇ જરૂરિયાત હોય તો તે કાર્ય કરી આપવું. ● વિહાર દરમિયાન અચાનક કોઇ ખર્ચ કરવો પડે તો તે કરી લેવો. પછી ગ્રુપના કેપ્ટનને જણાવી દેવું. ● વિહાર પૂરો થાય એટલે ગુરુભગવંતો પાસે અવશ્ય ફોર્મ ભરાવવું. ભરાવેલું ફોર્મ કેપ્ટનને પહોંચાડવું. ● ગ્રુપના કેપ્ટનોએ રોજ સાંજ પડે આજુબાજુના મુકામોમાં ફોન કરીને બીજા દિવસે વિહાર છે કે નહિ તેની જાણકારી મેળવી લેવી. ● વિહાર દરમ્યાન મોઢામાં પાન–મસાલા, ગુટકા જેવી અભક્ષ્ય વસ્તુઓ ચાવવી નહિ. ● વિહાર દરમ્યાન મુમુક્ષુ બહેનો સાથે વાતો ન કરવી. ● ગુરુભગવંતો સાથે પણ વિશેષ વાત ન કરતા તેમની સુરક્ષાનો વિશેષ ખ્યાલ રાખવો.